# શુભ સંકલ્પની જ્યોત

## ~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

પ્રકાશમાં રહેવું
એક વ્યક્તિના હૃદયની સૌથી પ્રિય ઇચ્છા હોય છે
તેથી, એ સૌભાગ્યની વાત છે કે પ્રકાશ પ્રત્યેક તહેવારનું
એક અભિન્ન અંગ હોય છે

જે વાત દીપાવલીને વિશિષ્ટ બનાવે છે
તે એ છે કે પ્રકાશ તેનું કેન્દ્રણ છે —
પ્રકાશ સર્વોપરી,
જીવંત જ્યોત

દીપાવલીની રાતે વાતાવરણ
હજારો, લાખો, કરોડો જ્યોતિઓથી ઝગમગે છે
પ્રત્યેક જ્યોત અગણિત આશીર્વાદોની વર્ષા કરે છે

પ્રત્યેક દીપને તમારા દૃઢ સંકલ્પથી પ્રજ્વલિત કરો
પ્રત્યેક દીપને તમારી હાર્દિક અભિલાષાથી પ્રજ્વલિત કરો
પ્રત્યેક દીપને એ બોધ સાથે પ્રજ્વલિત કરો
કે તમારી આ પૂજા
ભગવાનના શ્રીમુખ પર સ્મિત લાવી રહી છે

શુભ દીપાવલી

***

જેટલું ઘનઘોર અંધારું છવાયેલું હોય છે
તેટલાં જ જોરથી અજ્ઞાન પોતાનો પ્રભાવ જમાવે છે
જેટલું ભરપૂર અજવાળું છવાયેલું હોય છે
તેટલાં જ જોરથી જ્ઞાન પોતાનું પ્રભુત્વ દર્શાવે છે
અંધકાર અને પ્રકાશ સદીઓથી એકબીજા સાથે લડતા આવ્યા છે
અને શતાબ્દીઓ પછી પણ
તેમનો પ્રબળ સંગ્રામ ચાલતો રહેશે
આમ તો આ બંને શક્તિઓ પોતપોતાના ક્ષેત્રમાં
એ વ્યક્ત કરવામાં ખચકાતી નથી કે ત્યાં તેમનું રાજ છે
પરંતુ જય એ મનુષ્યનો થશે જે
અંધકાર અને પ્રકાશની પ્રકૃતિને સમજીને
આ બંને સાથે તદ્દનુસાર યોગ્ય સંબંધ જોડશે

લોકોનો સ્વભાવ પણ અલગ-અલગ છે
કોઈની રુચિ અંધારા પ્રત્યે છે તો
કોઈની મનોવૃત્તિ અજવાળા તરફ જાય છે
કોણ સારું છે અને કોણ ખરાબ,
આ વાદવિવાદમાં જ મનુષ્યનું જીવન
અદૃશ્ય થઈ જાય છે
આ તર્કવિતર્ક ન આજે શરૂ થયો છે ન દશકોથી
આ ગરમાગરમી, આ દલીલ તો ચાલતી જ આવી છે
ક્યાંક વૃક્ષોની શાખાઓ નીચે
ક્યાંક ઘર-આંગણાંમાં
ક્યાંક ગામડાંઓના ચબૂતરાઓમાં
ક્યાંક મંડપોની નીચે
ક્યાંક ચોક-ચૌટાઓ પર
મુખ્ય વાત શું છે?
એ જ કે સહસ્રો જીવન આ ચર્ચાનાં ભોગ બની ચૂક્યાં છે

વિડંબણા એ છે કે પોતાના વિશે
દરેકની ધારણા છે,
"હું જ સારો છું,
હું જ શ્રેષ્ઠ છું,
હું જ યોગ્ય છું,
હું જ પ્રશંસનીય છું" —
વગેરે, વગેરે
તમસને અપનાવનારાં અને આલોકને આલિંગન કરનારાં —
બંને દળોમાં છે બળ
બંને પક્ષોમાં છે દમ
બંને બાજુ ચુંબકનો પ્રતાપ છે
હવે ભરોસો કોના પર કરીએ?
દરેક મનુષ્યનું કર્તવ્ય શું છે?

આ દ્વંદ્વથી મુક્તિ પામવા માટે
આપણે તેજસ્વી અને જ્ઞાની ઋષિમુનિઓના
પાંડિત્યનો સહારો લઈએ છીએ
તેમના પ્રજ્ઞાન પર ભરોસો રાખીએ છીએ
એ બધું જે તેમની પાસે આપવા માટે છે, આપણે તેમાં આસ્થા રાખીએ છીએ —
એ વિશ્વાસ રાખીએ છીએ કે આપણે તેમના જ્ઞાનને આત્મસાત્ કરી શકીએ છીએ
આપણે દઢ વિશ્વાસ રાખીએ છીએ કે તે ફળીભૂત થશે
આપણે તેમના વિવેકનો અંગીકાર કરીએ છીએ
શ્રીગુરુની ઉપાસના કરીએ છીએ
શ્રીગુરુ પાસેથી શિક્ષા પ્રાપ્ત કરીએ છીએ
શ્રીગુરુ-દર્શિત માર્ગનું અનુસરણ કરતા રહીને
સ્વયંને સ્થિરતા આપીએ છીએ

યાદ રાખો કે બધાં માટે 'સુંદરતા'નો અનુભવ
તેમના પોતપોતાના કર્મ,

તેમની પોતપોતાની પરિસ્થિતિ અને
તેમની પોતપોતાની જીવનશૈલી પર નિર્ભર છે
એટલા માટે, આ શુભ દીપાવલીના અવસર પર,
તમારા સંકલ્પને શુદ્ધ કરવા માટે પ્રયત્ન કરો
જેટલા ધ્યાનપૂર્વક તમે પ્રયત્ન કરશો
તેટલો જ લાભ પ્રાપ્ત કરશો

આ જુઓને,
દીપ બળતાં-બળતાં તમને રમણીય જીવન આપે છે
તિમિર ગાઢ થતાં-થતાં તમને ગળી જાય છે
જ્યારે તમે ઘોર અંધારામાં ખોવાઈ જાઓ છો
ત્યારે જ તમને તેનું ભાન થાય છે
સાચું કહીએ તો
આધ્યાત્મિક વૃત્તિવાળી વ્યક્તિ માટે
ગોચર અને અગોચર ખુશીની
આભા જ તેનો આધાર છે

હા, શુભ દીપાવલી તમને પણ!
એક વાત કહું?
તમારું જીવન પ્રકાશશૂન્ય છે
કે પ્રકાશથી ઓતપ્રોત છે
આ ગડમથલમાં પડ્યા વગર
બસ, એવો સંકલ્પ કરો કે
દીપાવલીના તહેવારનું તેજ
તમારી અંદર અનંતકાળ સુધી વસે
તેની ઊર્મિ તમામ પાપોનું નિવારણ કરે
અંતરની દીપ્તિ સર્વદા નિરામય રહે
અંતર્જ્ઞાન હંમેશાં પ્રજ્વલિત રહે
અને તમે સદૈવ સતર્ક રહીને તમારી સમજદારીનો ઉપયોગ કરો

તમારે જે પણ પડકારનો સામનો જીવનમાં કરવો પડે
એ ધ્યાન રાખો કે મનમાં ભય ઘર ન કરી લે
તમારામાં એ યોગ્યતા અને એ અંતર-શક્તિ છે કે તમે આ પડકારોને
એક દીપમાળામાં પરિવર્તિત થવા દો

તમારી અંતરજ્યોત સ્વપ્રકાશિત છે
તેની દિવ્યતા તમને અંતર્મુખી કરે એવું થવા દો

તમારી અંતરજ્યોતની સંભાળ રાખો
તમારી અંતરજ્યોતનું પોષણ કરો
તમારી અંતરજ્યોત સાથે વાત કરો
તમારી અંતરજ્યોત માટે ગાઓ
તમારી અંતરજ્યોત સાથે નૃત્ય કરો

તમારી અંતરજ્યોતની મૃદુલતાને શ્વાસમાં ભરો...
તમારી અંતરજ્યોતની સુંદરતાને શ્વાસમાં ભરો...
તમારી અંતરજ્યોતની પૂર્ણતાને શ્વાસમાં ભરો...
તમારી અંતરજ્યોતની પાવનતાને શ્વાસમાં ભરો...

તમારી અંતરજ્યોતની સુરક્ષાનો અનુભવ કરો
જે આશ્રય આપે છે, જે સાંત્વના પ્રદાન કરે છે

તમારી અંતરજ્યોતનું સંરક્ષણ કરો
તે માત્ર તમારી છે, તમારા માટે ભગવાનની ભેટ

સહસ્રો વર્ષોથી ચાલી આવતી પરંપરાનુસાર
આ વર્ષે દીપાવલીનો તહેવાર મનાવતી વખતે,
આ સમયે જ્યારે સંસારમાં મંથન ચાલી રહ્યું છે,
મનમાં નિમ્નલિખિત પ્રાર્થનાનું સ્મરણ રાખીને
શું તમે સમય કાઢીને આના પર ધ્યાન કરશો?

# પ્રાર્થના

ૐ

*વિશુદ્ધાસનોપવિષ્ટઃ સુસ્થિરસૌમ્યમાનસઃ।*
*ધ્યાયામિ હૃદયેઽચલજ્યોતિઃ પૂર્ણસમર્પણભાવઃ ॥*
*પ્રાર્થનાં મમ સ્વીકુરુ હે ભગવન્ન્ અખિલેશ્વર।*
*નમસ્કારં કરોમિ તે સ્ફુરણસંવિત્સાગર ॥*

ૐ

પવિત્ર આસન પર બેસીને
સ્થિર અને સૌમ્ય મન સાથે
પૂર્ણ સમર્પણ ભાવથી
હું હૃદયની અચળ જ્યોત પર ધ્યાનસ્થ છું.

હે ભગવન્, અખિલ સૃષ્ટિના ઈશ્વર!
મારી પ્રાર્થનાનો સ્વીકાર કરો.
હે ચિતિના ઝળહળતા મહાસાગર!
તમને મારા પ્રણામ!

***

મારી અંદર મારાં શ્રીગુરુ દ્વારા જાગ્રત નીલ જ્યોત
મારા અસ્તિત્વમાંથી બધો અંધકાર હરી લે

મારી અંદર ઊર્ધ્વાકાશમાંથી ઝરતી
શ્વેત જ્યોત મારા અસ્તિત્વને ઉન્નત કરે

મારા અસ્તિત્વમાં પ્રવેશ કરતી
ધરતી માતાની સ્વર્ણિમ જ્યોત
મને મારી સમસ્ત સીમિત માન્યતાઓથી વિમુક્ત કરે

પ્રેમની જ્યોત મારું શુદ્ધીકરણ કરે
અને આ વિશુદ્ધ પ્રેમ મારી અંદર અને બહાર ઝગમગે

શાંતિની જ્યોત મારા આત્મામાં
વસતા સત્ય પ્રત્યે મારા હૃદયને ખોલે

ભક્તિની જ્યોત મારા બંધનકારી અહંનો સર્વનાશ કરે
અને ભગવત્કરુણાની મધુરતા મારું માર્ગદર્શન કરે

મારું મન મારા વિચારોમાં નિહિત ઉજ્જ્વળ કિરણોને શોધી શકે

મારું હૃદય મારી અનુભૂતિઓમાં પ્રકાશ-બીજને શોધી શકે

હું મારી આસપાસ છવાયેલી પ્રભાની સાધુતાનું
મારી પૂર્ણ સત્તા સાથે સંરક્ષણ કરું —
મારા વિચારો દ્વારા
મારી ભાવનાઓ દ્વારા
મારા શબ્દો દ્વારા
મારાં કર્મો દ્વારા

હું દીપાવલીની નૃત્ય કરતી
પ્રત્યેક જ્યોતની ઉપસ્થિતિનું સન્માન કરું

હું દીપાવલીની પ્રત્યેક જ્યોતની મહત્તાને સમજું

દીપાવલીની પ્રત્યેક જ્યોતમાંથી ઉદ્‌ભવતા ગીતને
હું મારા સ્વરનાં સ્પંદનો અર્પિત કરું

હું દરેક દિવસ અને દરેક રાત દીપાવલીની
કલ્યાણકારી પ્રકૃતિને મહસૂસ કરું

હું જેને પણ મળું એ મુલાકાતમાં
દીપાવલીના હર્ષોલ્લાસની અનુભૂતિ કરું

એકબીજા સાથે હળીમળીને ખાવામાં આવતાં
સ્વાદિષ્ટ પકવાનોમાં
હું દીપાવલીના રસનું આસ્વાદન કરું

હું જરૂરિયાતમંદોની મદદ કરવા માટે
સદૈવ તત્પર રહું

હું દીપાવલીની જ્યોતને જે કૃતજ્ઞતા અર્પિત કરું
તે એ દરેક વ્યક્તિનો સહારો બને જે
પોતાના અંતર-પ્રકાશને શોધવા માટે તડપી રહી છે

મારી વાણી મારા શુભ સંકલ્પોની શીતળતાને
આભાસિત કરે

મારાં કર્મો મારા ઉદાર હૃદયની કોમળતાને અભિવ્યક્ત કરે

દીપાવલીની કાંતિ મને હંમેશાં એ સામર્થ્ય આપતી રહે કે
હું મારા આત્મબળને નિત્યનવીન બનાવી રાખું

મારું જીવન ભગવાનના પ્રકાશનું સાચું પ્રમાણ રહે

**સપ્રેમ,**
**ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ**

© ૨૦૨૫ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.